જમીન.
અન્ય વિભાગ હસ્તકની જમીન.
મહેસૂલ વિભાગ દ્વારા નિકાલ કરવા
બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્ર-જમન-૩૯૧૦-૯૭૯-અ,
સચિવાલય , ગાંધીનગર.
તા- ૪ -૦૨- ૨૦૧૧.

સંદર્ભ:- મહેસૂલ વિભાગનો પરિપત્ર ક્ર- આઈએનડી-૩૯૬૩-૧૫૮૦૭-અ , તા-૨૦-૧૧-૬૩

પરિપત્ર:-

સરકારશ્રીના મહેસૂલ વિભાગે સરકાર હસ્તકની જમીનો જે તે સમયે ચોક્કસ હેતુ માટે જે તે વિભાગને આપેલ છે. આ જમીનો જે તે વિભાગ દ્વારા બારોબાર અન્ય હેતુ માટે અન્યોને નિકાલ કરવાની બાબત ધ્યાન ઉપર આવતાં, ઉપર સંદર્ભ-(૧) ના પરિપત્રથી અન્ય વિભાગો હસ્તકની જમીનોનો પોતાની રીતે નિકાલ નહીં કરતાં, મહેસૂલ વિભાગના પરામર્શ બાદ જ નિકાલ/તબદિલ કરવા સુચના આપવામાં આવેલ છે. તેમ છતાં, એવું ધ્યાન પર આવેલ છે કે સરકારના અન્ય વિભાગો હસ્તકની જમીનો, જે તે વિભાગ દ્વારા બારોબાર, મહેસૂલ વિભાગના પરામર્શ વિના વેચાણ/ તબદિલ કે હેતુફેર કરવામાં આવે છે જે બાબત સામાન્ય પ્રથામાં તેમજ કાયદાકિય રીતે પણ યોગ્ય નથી. જમીનના નિકાલ માટે માત્ર જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ નીચે જ જમીનોનો નિકાલ કાયદાકિય રીતે યોગ્ય છે.

સક્રિય વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા એવું નક્કી કરવામાં આવેલ છે કે, અન્ય વિભાગ હસ્તકની કોઈ પણ જમીનો જો તેઓને તે જમીનની હંગામી સમય માટે કે કાયમી રીતે જરૂરીયાત ના હોય તો આવી જમીનનો નિકાલ પોતાની રીતે નહીં કરતાં, આવી જમીનો મહેસૂલ વિભાગને પરત કરવાની રહેશે. બીજા વિભાગ દ્વારા સુપ્રત કરેલ જમીનનો જો સરકારી કે જાહેર હેતુ માટે જરૂરીયાત ના હોય તો સરકારશ્રી (મહેસૂલ વિભાગ) ની સ્થાયી સુચના મુજબ મંજુરી મેળવીને નિકાલ કરવાનો રહેશે. અન્ય વિભાગોને જ્યારે ફરી ભાડાપટ્ટે કે કાયમી ધોરણે જમીનની જરૂરીયાત ઉભી થાય ત્યારે આવી જમીન ભાડાપટ્ટે કે કાયમી ધોરણે મહેસૂલ વિભાગ મારફત જ આપી શકાશે.

ઉપર્યુક્ત સુચનાનો ચુસ્ત પણે અમલ કરવા દરેક વિભાગ તથા કલેક્ટરને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. કે. બારીયા )
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, મહેસૂલના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી જમીન સુધારણા અને અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીના સહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે સંયુક્ત/નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે કલેક્ટરશ્રીઓ.
સર્વે શાખાઓ મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિશિષ્ટ ફાઈલ.